જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૭/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૨૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૪	૦	૧૧૬૩૪	૧૭૭૪૫	૦	૧૭૭૪૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૧	૦	૧૦૧	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૫૨૨૮	૯૪	૬૫૩૨૨	૬૫૮૫૫	૮૯	૬૫૯૪૪
કુલ		૮૧૬૯૫	૯૪	૮૧૭૮૯	૯૦૨૧૯	૮૯	૯૦૩૦૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૪	૨,૩૫,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૮૦	૧૦,૮૦,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૨૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૫૬ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૫૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૨૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૨૬/૨૦૨૧**

ઘાટલોડીયા : કૃપાબહેન વા/ઓ અંકીતભાઈ શાહ (ઉ.વ.૩૯)(રહે,વર્ધમાનનગર ટેનામેન્ટ્સ, અર્જુન ટાવરની બાજુમાં, ઘાટલોડીયા) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કૃપાબહેન પોતાના ઘરેથી કેક વેચાણ કરતા હોઇ તા.૧૦/૦૧/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે કૃપાબહેનના મોબાઈલ પર ફોન કરી મોબાઇલ નંબર ૭૦૯૯૮૮૧૫૦૨ અને ૮૨૬૦૯૫૫૧૪૯ ના ધારકે ચોકલેટ કેકની ખરીદી કરવાનુ કહી કેકના પેમેન્ટ માટે કૃપાબહેનના મોબાઇલની ગુગલ-પે અને પે-ટી.એમ એપ દ્વારા ક્યુ.આર.કોડ સ્કેન કરાવડાવી કૃપાબહેનના ખાતામાંથી કુલ રૂપિયા ૨,૦૩,૦૯૭/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઇ કૃપાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

સોલા હાઇકોર્ટ : ડો.નીધી ડો/ઓ ગીરીશકુમાર સથવારા (ઉ.વ.૩૦)(રહે.સોમેશ્વર પાર્ક-૩, અંબાલાલ પાર્ક પાસે, થલતેજ) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૭/૨૦૨૧ ના કલાક ૧૦/૨૫ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ડૉ.નીધી એ રાજકોટ ખાતે પોતાના દસ્તાવેજો કુરીઅર કરવા સારૂ બ્લ્યુ ડાર્ટ કુરીયર સર્વિસનો મોબાઈલ નંબર ૯૮૩૨૪૬૪૧૭૪ ગુગલમાં સર્ચ કરી તે નંબર ઉપર ફોન કરતા “બ્લ્યુ ડાર્ટમાથી બોલુ છુ” તેમ જણાવી ડૉ.નીધીને વિશ્વાસમા લઈ મોબાઈલ નંબર ૯૮૩૨૪૬૪૧૭૪ ના ધારકે ડૉ.નધીના મોબાઇલમાં લીંક મોકલી, લીંક ઓપન કરાવી “એની ડેસ્ક” નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તેના દ્વારા ડૉ.નીધીના આઇ.સી.આઇ.સી.આઇ. બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૪૦,૪૬૮/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઇ ડૉ.નીધી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સોલા હાઇકોર્ટ : ધવલભાઇ ભરતભાઇ ઘેલાણી (ઉ.વ.૩૦)(રહે.નિર્માણટાવર, ગુલાબટાવર રોડ, થલતેજ) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૧ સવારના કલાક ૧૦/૦૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન ધવલભાઇએ લીધેલ મોટર સાયકલના લોનના હપ્તા બાકી છે કે નહી તે માટે ઓનલાઇન બજાજ ફાયનાન્સનો કોન્ટેક નંબર ૭૬૦૩૦૧૦૧૭૭ સર્ચ કરી તેના ઉપર ફોન કરતા, મોબાઇલ નંબર ૯૪૩૩૪૪૬૩૧૫ અને ૭૬૦૩૦૧૦૧૭૭ ના ધારકે જણાવેલ કે “અમારી સિસ્ટમમાં તમે ભરેલ પૈસા બતાવતા ન હોય, તમારા બજાજ પ્લસર મોટર સાયકલની રૂપિયા ૩૦૬૦/- ની લોન બાકી છે” તેમ કહી ધવલભાઇને લોનના બાકીના પૈસા ભરવા માટે અલગ-અલગ કુલ સાત ટ્રાન્જેકશન દ્વારા કુલ રૂપિયા ૭૮,૧૯૩/- ગુગલ-પે મારફતે ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લઇ ધવલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સોલા હાઇકોર્ટ : મિતલબહેન વા/ઓ તુષારભાઇ પટેલ (ઉ.વ.૩૬)(રહે.સાગર સંગીત હાઇટસ નીલગીરી એપાર્ટમેન્ટની બાજુમા, સોલા ભાગવત રોડ, સોલા) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મિતલબહેન સોલા સાગર સંગીત હાઇટસ ખાતે બ્લડ કલેક્શન કરી રીપોર્ટીગનું કામ કરતા હોઇ તા.૧૭/૦૫/૨૦૨૧ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૮૩૯૭૮૬૫૬૦૪ ધારકે ફોન કરી “ગાંધીનગર આર્મી કેમ્પમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી અમારી યુનીટ ખાતેના ૧૫ માણસોના બ્લ્ડ રીપોર્ટ કરાવવાના છે જેથી મિતલબહેન પાસેથી બ્લ્ડ રીપોર્ટના ઓનલાઇન પેમેન્ટ માટે તેમના બેંક ખાતાની વિગતો માંગી મિતલબહેનના મોબાઇલમાંથી યુ.ટી.આઇ. નંબર મેળવી લઇ ગુગલ પે મારફતે અલગ-અલગ ટ્રાન્ઝેકશન કરી કુલ રૂપિયા ૫૨,૩૯૯/- મેળવી લઇ મિતલબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

વસ્ત્રાપુર : ગૌરવભાઇ ગોપીરસીક તૈલંગ (ઉ.વ.૪૨)(રહે,કલ્યાણપૃષ્ટી હવેલી, વસ્ત્રાપુર તળાવ પાસે, વસ્ત્રાપુર) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૧ બપોરના ૩/૧૫ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૭૦૬૧૫૫૯૦૧૦ ના ધારકે ગૌરવભાઇને ફોન કરી કોટક મહિન્દ્રા બેંકમાંથી બોલતા હોવાનુ કહી કે.વાય.સી. અપડેટ કરવાની લીંક મોકલી તે લીંક દ્વારા કે.વાય.સી. અપડેટની કાર્યવાહીના બહાને વાત-ચીત ચાલુ રખાવી, ગૌરવભાઇના વસ્ત્રાપુર બ્રાન્ચના કોટક મહિન્દ્રા બેંકના ખાતામાંથી કુલ પાંચ અલગ-અલગ ઓનલાઇન ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂપિયા ૭૮,૦૦૦/- ડેબીટ કરી લઇ તેમાંથી રૂપિયા ૧૮,૦૦૦/- ગૌરવભાઇના ખાતામાં પરત જમા કરાવી બાકીના રૂપિયા ૬૦,૦૦૦/- જમા નહી કરાવી ગૌરવભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

વસ્ત્રાપુર : શ્રીનીવાસનરાવ વેન્કેટેશ્વરલુ ચંદેલ્લા (ઉ.વ.૫૭)(રહે.પ્રેરક એપાર્ટમેંન્ટ લાડ સોસાયટી રોડ નહેરુપાર્ક વસ્ત્રાપુર) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શ્રીનીવાસનરાવ ફુડ સપ્લાઇનો ધંધો કરતા હોઇ તા.૧૫/૦૧/૨૦૨૦ બપોરના ૧/૩૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૭૪૧૨૮૬૨૬૨૮ ના ધારકે આઈ.ઓ.સી.એલ કંપનીમાંથી બોલતો હોવાની ખોટી ઓળખ આપી, આઈ.ઓ.સી.એલ કંપનીના આશરે ૫૦૦ જેટલા કર્મચારીઓ માટે કંપનીમા ફુડ કેંન્ટીંગની વ્યવસ્થા કરવા સારૂ ફુડ સપ્લાયરો પાસેથી ટેન્ડર મંગાવતા હોવાનુ જણાવી, શ્રીનીવાસનરાવને વિશ્વાસમાં લઇ ટેન્ડર ભરાવવાના બહાને ડીપોઝીટ પેટે શ્રીનીવાસનરાવ પાસેથી IMPS તથા NEFT દ્વારા રૂપિયા ૫૮,૧૩૦/-, ૫૮,૧૩૦/- અને ૬૪,૫૯૦/- ના અલગ-અલગ ત્રણ ટ્રાન્ઝેકશનથી કુલ રૂપિયા ૧,૮૧,૨૧૦/- શ્રીનીવાસનરાવના એક્ષીસ બેંકના ખાતામાંથી ટ્રાન્સફર કરાવી લઇ શ્રીનીવાસનરાવ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

વાડજ : ચીરાગભાઇ બળવંભાઇ પરમાર (ઉ.વ.૨૪)(રહે.શ્રીનાથદ્વારા સોસાયટી રોનકપાર્ક સોસાયટી પાસે નવા વાડજ) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૬/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૯૫૮૭૨૨૪૩૨૬ ના ધારકે પોતાનુ નામ સાહીલ અશોકકુમાર જણાવી “હુ અમદાવાદ એરપોર્ટમા આર્મીમા નોકરી કરુ છુ અને અમારા કર્નલ મનજીતસિંગ અને સુનીલકુમારના બ્લડ સેમ્પલ લઇ કોવીડ રીપોર્ટ ટેસ્ટ કરાવવાનો હોઇ તેમજ તેનું ઓનલાઇન પેમેન્ટ કરવાનુ છે” તેમ કહી ચીરાગભાઇના એસ.બી.આઇ. બેંકની માહિતી લઇ, આઇ.એફ.સી.આઇ. કોડ મેળવી લઇ, ચીરાગભાઇના મોબાઈલના ગુગલ-પે એકાઉન્ટમાંથી ઓનલાઈન કુલ રૂપિયા ૪૯,૩૫૮/- ટ્રાન્જેકશન કરી લઇ ચીરાગભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ચાવડા ચલાવે છે.

કાલુપુર : યજ્ઞેશભાઇ અશોકભાઇ વાઘાણી (ઉ.વ.૨૬)(રહે.અનુરાધા સોસાયટી, બરોડા પ્રિસ્ટેજ પાસે વરાછા મેન રોડ સુરત) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર સ્વામિનારાયણ મંદિર પાસે લક્ષ્મી આર્કેડ ગ્રાઉન્ડ ફ્લોર “કિરણ ડીસ્ટ્રીબ્યુટર ફર્મ” નામની દુકાન ખાતે “લોટાલટસ ઇન્ટરનેશનલ પ્રા.લી.” નામથી યજ્ઞેશભાઇ એલોપેથીક મેડીસીન્સનો વેપાર ધંધો કરતા હોઇ, આરોપી (૧) હર્ષદભાઇ વેકરીયા (૨) પુર્વેશભાઇ ઉર્ફે પીન્ટુ વ્યાસ (૩) આશિષભાઇ ઠુમ્મર (ત્રણેય રહે. ફર્મ-મેડીસીન પોઇન્ટ મોટા વરાછા સુરત) અને (૪) મનિષભાઇ પરમાર (રહે.કિરણ ડીસ્ટ્રીબ્યુટર ફર્મ લક્ષ્મી આર્કેડ ધી કાંટા કાલુપુર) એ ભેગા મળી યજ્ઞેશભાઈને લોભામણી વાતો કરી યજ્ઞેશભાઇ પાસેથી મેડીસીનનો માલ અન્ય વ્યક્તિને સપ્લાય કરી બારોબાર નાણા મેળવી લઈ બાકી નિકળતા કુલ રૂપિયા ૧૯,૮૪,૧૪૩/- નહી ચૂકવી યજ્ઞેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.પરમાર ચલાવે છે.

સેટેલાઇટ : શશીકાંત પ્રવિણભાઇ પટેલ (ઉ.વ.૨૯)(રહે.ખોડીયારનગર સોસાયટી, સુદામા ચોકની પાસે, મોટા વરાછા સુરત શહેર) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૧ થી તા.૦૮/૦૭/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન રીલાયન્સ મોલ ઇસ્કોન ખાતે આવેલ “ગ્રેબ અ ગ્રબ” નામની કંપનીમાં કેશીયર તરીકેની ફરજ બજાવતા આરોપી વિજયભાઇ અરજણભાઇ પટેલ (રહે,વંદન એપાર્ટમેંટ, શ્રેયાંશ સોસાયટી વાસણા) એ પોતાના હોદ્દાનો ગેરલાભ ઉઠાવી કંપની ના કુલ રૂપિયા ૫,૬૯,૭૨૪/- રીલાયન્સ એકાઉન્ટ ઓફીસમાં જમા નહી કરાવી રૂપિયા લઇ નાસી જઇ કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અમિતભાઇ નરસિંહભાઇ ચલાવે છે.

શાહીબાગ : દશરથભાઇ રામાભાઇ પ્રજાપતી (ઉ.વ.૪૨)(રહે.ધરની લાઇન મુખીવાસ જહાંગીરપુરા ઓ.પી.ડી. સામે અસારવા શાહીબાગ) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના પુત્ર એ ઓ.એલ.એક્સ. એપ ઉપર એક્ટીવા લેવા સારૂ જાહેરાત જોતા તેમા આપેલ મોબાઇલ નંબર ઉપર એક્ટીવાની ખરીદી કરવા સારૂ સંપર્ક કર્યો હતો. ત્યારબાદ તા.૨૮/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૮૦૯૯૨૪૮૬૦૩ અને ૯૬૭૦૬૬૮૯૯૩ ના ધારકે દશરથભાઇના પુત્રને ફોન કરી કહેલ કે “હું આર્મીમા નોકરી કરૂ છું” તેવી ઓળખ આપી “મારે એક્ટીવા વેચવાની છે” તેમ કહી દશરથભાઇના પુત્રને વિશ્વાસમાં લઇ એક્ટીવાની કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- નક્કી કરી તેની ચુકવણી માટે ઉપરોક્ત મોબાઇલ ધારકોએ દશરથભાઇના પુત્રને આપેલ ખાતામાં ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૩૫,૧૧૦/- અલગ-અલગ સમયે ટ્રાન્સફર કરાવી લઇ એક્ટીવા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.જાડેજા ચલાવે છે.

નરોડા : રંજનકુમાર અનિરુદ્ધ મિશ્રા (ઉ.વ.૨૮)(રહે.દેવ નંદન સંકલ્પ સીટી, હંસપુરા ગામ, નરોડા) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગત માસ માર્ચ/૨૦૨૧ માં આર.બી.એલ.માં ક્રેડીટકાર્ડ માટે અરજી કરેલ હતી ત્યારબાદ તા.૨૪/૦૩/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે અજાણ્યા મોબાઇલ નંબર પરથી રંજનકુમારને ફોન કરી "હું આર.બી.એલ.માંથી વાત કરૂ છુ અને તમારા ક્રેડીટ કાર્ડ વેરીફીકેશન માટે ફોન કરેલ છે" તેમ કહી રંજનકુમારનુ નામ-સરનામુ, જન્મ તારીખ, આધારકાર્ડ અને પાનકાર્ડની વિગત જાણી લઇ, રંજનકુમારના ફોનમાં આવેલ ઓ.પી.ટી. મેળવી લઇ, રંજનકુમારના ક્રેડીટકાર્ડમાંથી કુલ રૂપિયા ૩૫,૫૨૯/- ટ્રાન્સફર કરી લઇ રંજનકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.ખાંભલા ચલાવે છે.

સરદારનગરઃ જીતેન્દ્રભાઈ જવાહરલાલ સેવકાની (રહે. નવદુર્ગા સોસાયટી નરોડા પાટીયા રોડ કુબેરનગર સરદારનગર) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જીતેન્દ્રભાઈ સેવકાનીના ભાઈએ "સિમ સિમ" ઉપર ઓનલાઈન બુટ મંગાવ્યા હતા. જે બુટની સાઇઝ નાની હોવાથી રીટર્ન કરતા તેના રીફંડના નાણા મેળવવા સારૂ તા.૧૭/૧૦/૨૦૨૦ ના રોજ મોબાઇલ નંબર ૮૨૪૮૦૫૬૪૭૧ ના ધારકે જીતેન્દ્રભાઈ સેવકાનીના ભાઈને ફોન કરી "સિમ સિમ" કસ્ટમર કેર માંથી વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે તમારા બુટના નાણાં રિફન્ડ કરવા માટે પ્રોસેસ કરવી પડશે તેમ કહી જીતેન્દ્રભાઈના ભાઈના મોબાઈલમાં લીંક મોકલી, લીંકમાં વિગતો ભરાવડાવી અલગ-અલગ ચાર ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૩૮,૭૬૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એમ.સોલંકી ચલાવે છે.

અમરાઈવાડીઃ જ્યોત્સનાબહેન સુરેશભાઈ સોલંકી (ઉ.વ.૪૮) (રહે. સંત વિનોબાભાવેનગર સુખરામનગર પાણીની ટાંકી પાસે રખિયાલ) એ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૭ જુન માસમાં આરોપી (૧)વિજય મકવાણા (રહે. સાંઈ દર્શન મઠીયા મુંજપુર રોડ મુ.ધોળકા તા.જી.અમદાવાદ) (૨) મગનભાઈ માવજીભાઈ પરમાર (રહે. નરસિંહનગર અમરાઈવાડી) (૩) જીતુભાઈ ગોહીલ (રહે. ગોમતીપુર) એ ભેગામળી જયોત્સનાબહેનને ડ્રો સ્કીમમાં એક્ટીવા મળવાની લોભામણી લાલચ આપી અમરાઈવાડી સ્વતિક ચાર રસ્તા ૩૦૦ નંબર બસ સ્ટેન્ડ પાસે શિવ શક્તિ મિત્રમંડળ નામની ઓફીસ ખાતે ડ્રો સ્કીમ ચલાવી સને ૨૦૨૦ માહે માર્ચ સુધીમાં જ્યોત્સનાબહેન પાસેથી તેમજ અન્ય સાહેદ પાસેથી ડ્રો સ્કીમમાં કુલ રૂપિયા ૩,૧૩,૦૦૨/- ભરાવડાવી મેળવી લઈ ડ્રો સ્કીમમાં ભરેલ પૈસા કે એક્ટીવા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૩૨૭/૨૦૨૧</u>**

વાડજઃ અર્જુનસિંગ રામસિંગ રાઠોડ (રહે. આશ્રય-૧૦ ન્યુ રાણીપ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૧ રાતના ૯/૪૫ થી તા.૨૧/૦૭/૨૦૨૧ સવારના ૪/૩૦ વાગ્યા દરમ્યાન ભીમજીપુરા નિલકંઠ કોમ્પલેક્ષ ખાતે આવેલ લક્ષ્મી દુધઘર નામની પોતાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના કાઉન્ટરના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩૨૮/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ સુભાષભાઇ રામકુમાર બાબુલાલ સોની (ઉ.વ.૫૨) (રહે. ગજાનંદની ચાલી પટેલ મીલ સામે ગોમતીપુર) એ બિમારીથી કંટાળી તા.૨૧/૦૭/૨૦૨૧ કલાક ૯/૪૫ વાગ્યા પહેલા રમ્યાન એલિસબ્રીજ પાસે ઘાટ નંબર-૮ વોક-વે નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ મનજીભાઇ ચલાવે છે.

શહેરકોટડાઃ સુભાષભાઇ નારાયણભાઇ બેરવા (ઉ.વ.૫૨) (રહે. મુન્સીની ચાલી સરસપુર) એ બિમારીથી કંટાળી તા.૨૦/૦૭/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૨૧/૦૭/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન ન્યુ કોમર્શીયલ મીલની ચાલી અરવીંદ મીલ સામે પીપળાના ઝાડના ડાળ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બટુકસિંહ કાભઇભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ વિશાલ સ/ઓ મહેન્દ્રભાઇ વાઘેલા (ઉ.વ.૨૩) (રહે.જોગમાયાનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૭/૨૦૨૧ બપોરના ૪/૦૦ થી સાજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવીરસિહ ઘનશ્યામસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી